ગાંધીનગર સમાચાર

# જિલ્લામાં બહુકોણીય જંગ ખેલાવાના ભણકારા

## ચૂંટણી અધિકારીઓની કચેરીમાં બે દિવસ ઉમેદવારી માટે બાકી હોવાને લઈ અવ્યવસ્થા ઉભી ના થાય તે માટે પોલીસ બંદોબસ્ત રખાશે




ગાંધીનગર, તા. ૮

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાની આડે હવે બે દિવસ બાકી રહ્યા હોવાથી ઉમેદવારોની લાઈનો ચૂંટણી અધિકારીની ઓફિસમાં જોવા મળશે. આ કચેરીમાં સંઘર્ષ ના થાય તે માટે પોલીસ બંદોબસ્ત રાખવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

છેલ્લા ત્રણ દિવસથી એક પણ ઉમેદવારી પત્ર ભરાયું નથી. જો કે રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશો મુજબ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં બહુકોણીય જંગ ખેલાશે. આ માટે ટિકિટવાંચ્છુઓ દ્વારા ઉમેદવારી પત્રો પણ લઈ જવામાં આવ્યા છે. પરંતુ કોંગ્રેસ દ્વારા હજુ સત્તાવાર યાદી જાહેર નથી થઈ તો ભાજપમાં પણ ઘણી બધી બેઠકો પર ઉમેદવારો જાહેર કરવાના બાકી છે.

દરમ્યાન નગરપાલિકા અને પંચાયતોમાં કોંગ્રેસ ઉમેદવારોને કાલથી ટેલિફોનિક સંદેશાઓ દ્વારા ઉમેદવારી નોંધાવવાની સૂચના આપે તેવા સંકેતો મળી રહ્યા છે.

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં આંતરિક ખેંચતાણને લઈ પ્રદેશકક્ષાએ આખો મામલો ગૂંચવાયેલો પડ્યો હોવાનું જાણવા મળેલ છે. આજે મોડી રાત્રે અથવા કાલે બપોરે ગાંધીનગરનો મામલો હાથ પર લેવાશે તેવી શક્યતાઓ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપ પ્રમુખ નૈલેષ શાહ જિલ્લા પંચાયતની ચૂંટણી લડવા માટે અવઢવમાં

### સાંતેજ બેઠક પર કોંગીના ઉમેદવાર પર અને બિહારના પરિણામોને લઈ નિર્ણય બદલ્યો હોવાની ચર્ચા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ નૈલેષ શાહ પણ ચૂંટણી લડવા આતુર બન્યા છે અને તે તેમના માટે પ્રદેશ આગેવાનોને દબાણ પણ કરી રહ્યા છે. ભાજપે આજે કલોલ તાલુકાની સાંતેજ બેઠક પર કનુજી ઠાકોરને ઉમેદવાર ઘોષિત કરી દીધા છે.

સાંતેજની બેઠક પરથી લડવા આજે ઉમેદવારનું નામ ઘોષિત થયા પછી પણ પ્રમુખ નૈલેષ શાહ પ્રદેશ આગેવાનો સાથે સતત સંપર્કમાં હોવાનું જાણવા મળેલ છે. જોકે શ્રી શાહના નિકટવર્તી સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસ આ બેઠક પર કયા ઉમેદવારની પસંદગી કરે છે તેને લઈ તેઓ આખરી નિર્ણય કરશે.

(અનુસંધાન પાન-૭ પર)















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com